નવસારી કૃષિ યુનિવર્સિટી

અરડૂસાના વૃક્ષો કાપીને લઈ જવા માટેની જાહેર હરાજી

આથી લાકડાના વેપારીઓ તથા રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળ આવેલ એફઆરએમ ફાર્મ ખાતે પ્લોટ નં. ૧માં માર્ક કરેલ તથા પ્લોટ નં. ૨ અને ૩માં વાવેતર કરેલ અરડૂસાના અંદાજે ૮૭૫ વૃક્ષો કાપી લઈ જવાના છે. આથી, રસ ધરાવતા ઈસમોએ કોલેજ ખાતેથી રૂ. ૬૦૦/- (અંકે રૂપિયા છસો પૂરા) રોકડેથી ચૂકવી ટેન્ડર ફોર્મ મેળવી લેવાનું રહેશે. વધુમાં , ભરેલ ટેન્ડર ફોર્મ સાથે રૂ. ૨૦ ,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા)ની સિક્યુરિટી ડિપોઝિટ " DDO, College of Forestry, NAU, Navsari"ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ/ચેક સ્વરૂપે રજૂ કરવાની રહેશે. વધુમાં, ટેન્ડર ફોર્મ સાથે સહી સિક્કા વળી બોલીઓ અને શરતો અવશ્ય રજૂ કરવાની રહેશે.

ભરેલ ટેન્ડર ફોર્મ ઉપરોક્ત કચેરીના સરનામે તા.૨૭/૦૮/૨૦૨૬ થી તા. ૧૬ /૦૯/૨૦૨૬ સુધી કચેરીના કામકાજના સમય દરમ્યાન રૂબરૂ/ટપાલ/કુરિયર દ્વારાપહોંચતું કરવાનું રહેશે. તેમજ સીલબંધ કવર પર "અરડૂસાની હરાજી અંગેનું ભાવપત્રક" તેમ સ્પષ્ટ રીતે લખી રજૂ કરવાનું રહેશે. **સિક્યુરિટી ડિપોઝિટ વિના રજૂ કરવામાં આવેલ ભાવપત્રક માન્ય ગણવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.**

મળેલ ભાવપત્રકો તા.૧૭/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કોલેજ ઓફ ફોરેસ્ટ્રી , નવસારી કૃષિ યુનિવર્સિટી , નવસારી ખાતે કમિટી દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. ઈજારદારો દ્વારા ભરવામાં આવેલ ભાવ કમિટીને યોગ્ય જણાશે નહીં તો તે જ સમયે અને સ્થળે જાહેર બોલી દ્વારા હરાજી કરવામાં આવશે. વધુમાં, હરાજીની બોલી તથા શરતો અંગેની વિગતો કચેરી પાસેથી અથવા નવસારી કૃષિ યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ www.nau.in પરથી મેળવી શકાશે.

ડીન
કોલેજ ઓફ ફોરેસ્ટ્રી
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

બિન અનામત પ્રકારના અરડુસાના વૃક્ષોની જાહેર હરાજીની શરતો

1. કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, ન.કૃ.યુ., નવસારીના તાબા હેઠળ આવેલ એફ .આર.એમ. ફાર્મ ખાતે પ્લોટ નં. ૧માં માર્ક કરેલ તેમજ પ્લોટ નં. ૨ અને ૩ પર વાવેતર કરેલ અરડુસાના અંદાજે ૮૭૫ વૃક્ષોને કાપીને લઈ જવા માટેની જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છુક ઈજારાદારોએ અત્રેની કચેરીમાંથી ટેન્ડર ફોર્મ મેળવી લેવાનું રહેશે.

2. ટેન્ડર ફોર્મની કિંમત રૂ. ૬૦૦/- (અંકે રૂપિયા છસોપૂરા) નિયત કરવામાં આવેલ છે. જાહેરખબર પ્રસિદ્ધ થયાની તારીખથી ૨૧ દિવસની અંદર નિયત કરેલ કિંમત ચૂકવી ટેન્ડર ફોર્મ મેળવી અને અત્રેની કચેરીમાં જમા કરાવવાનું રહેશે. વધુમાં, ટેન્ડર ફોર્મ માટે ચૂકવેલ રકમ કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં, જે ખાસ ધ્યાને લેવા વિનંતી.

3. ટેન્ડર ફી ઉપરાંત હરાજીમાં ભાગ લેવા ઇચ્છુક ઈજારાદારે ટેન્ડર સાથે સિક્યુરિટી ડીપોઝિટ પેટે રૂ. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ/એકાઉન્ટ પેયી ચેક અલગથી "DDO, College of Forestry, NAU, Navsari" ના નામે કઢાવી ટેન્ડર ફોર્મ સાથે અત્રેની કચેરીમાં જમા કરાવવાનો રહેશે. સિક્યુરિટી ડીપોઝિટ વિના જમા કરેલ ટેન્ડર ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.

4. જે ઈજારદારનું ટેન્ડર સ્વીકારવામાં અથવા મંજૂર કરવામાં આવશે , તેમની સિક્યુરિટી ડીપોઝિટ માલ ઉપાડવાની સમગ્ર કામગીરી પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જ્યારે અન્ય અસફળ ઈજારદારોની અનામત રકમ શક્ય તેટલી વહેલી તકે પરત કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં અનામત રકમ પરત કરવામાં વિલંબ થાય તો ઈજારદાર દ્વારા વ્યાજ અંગે કોઈપણ પ્રકારનો દાવો (ક્લેઈમ) કરી શકાશે નહી.

5. હરાજી મંજૂર થયા બાદ તાત્કાલિક સફળ ઈજારદારે હરાજીની કુલ રકમના ૨૫ ટકા નાણાં તેમજ માલની કુલ કિંમત પર લાગુ પડતો વેચાણવેરો (GST/અન્ય કર) અને ધારાધોરણ મુજબના અન્ય લાગુ પડતા કર/ચાર્જીસ જમા કરાવવાના રહેશે. બાકીની ૭૫ ટકા રકમ હરાજીની તારીખથી ૧૫ (પંદર) દિવસની અંદર અથવા માલ ઉપાડતા પહેલાં, બે પૈકી જે તારીખ વહેલી હોય તે તારીખે જમા કરાવવાની રહેશે.

6. જો ઈજારદાર દ્વારા ઉપરોક્ત સમયમર્યાદામાં ઈજારાની રકમ જમા કરાવવામાં નહી આવે , તો તેમની અનામત રકમ જપ્ત કરવામાં આવશે તથા તે અંગે હરાજી સમિતિ/સક્ષમ અધિકારી દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

7. જો ઈજારદાર કોઈપણ કારણસર ઈજારો અધવચ્ચે છોડી દેશે અથવા રદ (Cancel) કરશે, તો તેને બ્લેકલિસ્ટ કરવામાં આવશે અને ભવિષ્યમાં કચેરી દ્વારા આયોજિત કોઈપણ હરાજી/ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.

8. હરાજી નિયત કરેલ સ્થળ અને સમયે યોજવામાં આવશે. જે ઈજારદારનો ઈજારો મંજૂર કરવામાં આવશે તેમણે હરાજીની સ્લીપ પર ફરજિયાત સહી કરવાની રહેશે.

9. હરાજી દરમિયાન કોઈપણ ભાવ /બોલી માન્ય કે અમાન્ય ઠરાવવાની , સ્વીકારવાની કે અસ્વીકારવાની સત્તા હરાજી સમિતિને રહેશે. આ અંગે કોઈ વિવાદ ઉપસ્થિત થાય તો સમિતિનો નિર્ણય અંતિમ અને સર્વને બંધનકર્તા રહેશે.

10. ટેન્ડર દ્વારા પ્રાપ્ત થયેલ ભાવ સમિતિ દ્વારા નક્કી કરાયેલ ઓફ્સેટ વેલ્યુ કરતાં ઓછો જણાય તો તે જ સ્થળે અને તે જ સમયે ટેન્ડર ભરનાર પક્ષકારો વચ્ચે જાહેર હરાજી દ્વારા બોલીની કાર્યવાહી કરવામાં આવશે . આ અંગે કોઈપણ પ્રકારનો વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જાહેર હરાજીમાં પ્રાપ્ત થયેલ બોલી સ્વીકારવાની કે અસ્વીકારવાની સત્તા સમિતિને રહેશે. કોઈ વિવાદ ઉપસ્થિત થાય તો નીચે સહી કરનાર સત્તાધિકારીનો નિર્ણય અંતિમ અને સર્વને બંધનકર્તા રહેશે.

11. હરાજીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ હરાજીની તમામ શરતો સ્વીકાર્ય હોવા અંગેનું બાંહેધરીપત્ર સહી કરીને આપવાનું રહેશે . બાંહેધરીપત્ર પર સહી નહી કરનાર વ્યક્તિને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.

12. હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ માલ /વૃક્ષોની જાત, સંખ્યા અને સ્થિતિ અંગે જાતે તપાસ કરી સંતોષ મેળવ્યા બાદ જ ભાવ આપવાનો રહેશે. હરાજી મંજૂર થયા બાદ માલની ગુણવત્તા , જાત અથવા જથ્થા અંગેની કોઈ ફરિયાદ કે તકરાર સાંભળવામાં આવશે નહી.

13. જો કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ વતી હરાજીમાં ભાગ લેવા માંગતી હોય તો કોર્ટ દ્વારા પ્રમાણિત પાવર ઓફ એટર્ની (મુખત્યારનામું) રજૂ કરવું ફરજિયાત રહેશે.

14. ન્યાયાલય દ્વારા દોષિત ઠરાવવામાં આવેલ , નૈતિક અધઃપતન સંબંધિત ગુનામાં સજા પામેલ , બ્લેકલિસ્ટ થયેલ, નાદાર જાહેર થયેલ અથવા 18 વર્ષથી ઓછી વય ધરાવતી વ્યક્તિને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં . જો આવી હકીકત હરાજી મંજૂર થયા બાદ ધ્યાનમાં આવશે તો તેની મંજૂરી રદ કરવામાં આવશે અને જમા કરાવેલ ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે

15. હરાજીમાં સમાવિષ્ટ વૃક્ષો ઈજારદારે પોતાના ખર્ચે જમીન સપાટીથી કાપી સ્થળ પરથી દૂર કરવાના રહેશે

16. માત્ર માર્કિંગ કરેલ વૃક્ષો જ કાપવાના રહેશે. અન્ય કોઈપણ વૃક્ષ કાપવા પર પ્રતિબંધ રહેશે.

17. વૃક્ષોની કાપણી દરમિયાન કોલેજ ફાર્મ, યુનિવર્સિટીની સ્થાવર કે જંગમ મિલકત અથવા અન્ય ઉભા પાકને નુકસાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. નુકસાનની ભરપાઈ કર્યા વિના માલ ઉપાડવાની મંજૂરી આપવામાં આવશે નહી.

18. વૃક્ષો કાપતી વખતે નજીકથી પસાર થતી વીજળી , ઈન્ટરનેટ અથવા ટેલિફોન લાઈનને નુકસાન ન થાય તેની સંપૂર્ણ કાળજી રાખવાની રહેશે. કોઈપણ પ્રકારનું નુકસાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે . વીજ લાઈન બંધ કરાવવાની કે સ્થળાંતરિત કરાવવાની જવાબદારી પણ ઈજારદારની રહેશે.

19. જો ઈજારદાર નિયત સમયમર્યાદામાં ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો તેને બે વખત નોટિસ આપવામાં આવશે . ત્યારબાદ પણ ચૂકવણી નહી કરે તો માલની પુનઃહરાજી કરવામાં આવશે અને તે અંગે ઈજારદાર કોઈ દાવો કરી શકશે નહી

20. હરાજી મંજૂર થયાની તારીખથી માલની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે . ચોરી, નુકસાન, આગ, કુદરતી આફત અથવા અન્ય કોઈપણ કારણસર થયેલ નુકસાન માટે સંસ્થા જવાબદાર રહેશે નહી.

21. માલ/વૃક્ષો જે તે સ્થળેથી ઉપાડી જવાના રહેશે. માલ ઉપાડતા પહેલાં ડીન, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી પાસેથી ગેટપાસ મેળવવાનો રહેશે. ગેટપાસ વિના કોઈપણ વાહનને બહાર જવા દેવામાં આવશે નહી.

22. હરાજીમાં સમાવિષ્ટ અરડુસાના વૃક્ષો કાપીને લઈ જવાની સમયમર્યાદા હરાજીની તારીખથી 1 (એક) માસ રહેશે. ત્યારબાદ કોઈપણ પ્રકારની મુદતવધારો આપવામાં આવશે નહી.

23. ઈજારદાર સંસ્થાની હદમાં ઈજારો અન્ય વ્યક્તિને ટ્રાન્સફર કરી શકશે નહીં તથા સબ-કોન્ટ્રાક્ટ પણ આપી શકશે નહી.

24. રાજ્ય સરકારના લાગુ પડતા કાયદા, નિયમો, GST/વેચાણવેરો તથા અન્ય સ્થાનિક વેરાઓ ભરવાની અને સંબંધિત કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

25. ઉપરોક્ત શરતોના અર્થઘટન અથવા અમલ બાબતે કોઈ વિવાદ ઊભો થાય તો નીચે સહી કરનાર સત્તાધિકારીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા ગણાશે. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. કાનૂની બાબતોમાં નવસારી અદાલતનું અધિકારક્ષેત્ર રહેશે.

26. હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ પોતાનું હાલનું તથા કાયમી સરનામું , ઓળખના પુરાવા અને સંપર્ક નંબર આપવાના રહેશે . ટપાલ પરત આવે તો પણ સંસ્થાએ મોકલેલ સૂચનાઓ પ્રાપ્ત થયેલ હોવાનું માનવામાં આવશે.

27. નીચેના સંજોગોમાં રૂ. 20,000/- ની સિક્યુરિટી ડીપોઝિટ જપ્ત કરવામાં આવશે. જેની ટેન્ડર ભરનાર દરેક ઈજારદારે ખાસ નોંધ લેવી.

    (અ) ભાવ/બોલી આપ્યા બાદ પાછી ખેંચવામાં આવે.

(બ) ટેન્ડરની શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા થાય.

(ક) ઓર્ડરની સંપૂર્ણ અથવા આંશિક કામગીરી કરવામાં નિષ્ફળતા થાય.

ટેન્ડર ફોર્મ માટે ભરવામાં આવેલ ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.

28. ઈજારદારે પોતાના કામદારોના નામ , સરનામા અને ઓળખના પુરાવા કચેરીમાં જમા કરાવવાના રહેશે . કામદારો માટે રહેવા , પીવાના પાણી તથા અન્ય સુવિધાઓની વ્યવસ્થા ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

29. વૃક્ષોની કાપણી માટે રોકાયેલા તમામ મજૂરો પુખ્ત વયના હોવા જોઈએ . તેમના આધારકાર્ડની નકલ તથા સંપૂર્ણ વિગતો કચેરીમાં જમા કરાવવાની રહેશે.

30. ઈજારદાર દ્વારા રોકાયેલામજૂરોને કામ દરમિયાન ઈજા , અકસ્માત અથવા અન્ય કોઈપણ પ્રકારની ઘટના બને તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને સંસ્થા કોઈપણ રીતે જવાબદાર ગણાશે નહી.

સ્થળ: નવસારી

તારીખ:

ડીન
વનીય મહાવિદ્યાલય
ન.કૃ.યુ., નવસારી

ઉપરોક્ત બોલીઓ અને શરતો (અનુ. નં. ૧ થી ૩૦) મે વાંચી અને સમજી છે જે મને માન્ય છે જે બદલ આ પ્રમાણપત્ર આપવામા આવે છે.

ઈજારદારનું નામ, સહી, સિક્કા અને મોબાઈલ નંબર